# ચૂંટણી પ્રચાર માટે અમિત શાહ અને આઝમખાન પર પ્રતિબંધ

## ઉત્તર પ્રદેશમાં અમિત શાહ અને આઝમખાનને ભડકાઉ ભાષણ મામલે ચૂંટણી પંચે સભા અને રોડ-શો માટે પ્રતિબંધ ફરમાવ્યો : વાણીવિલાસ સામે પંચની લાલઆંખ



નવીદિલ્હી, તા. ૧૧

ઉશ્કેરણીજનક ભાષણના મામલામાં ચૂંટણી પંચે લાલઆંખ કરીને આજે ભાજપના વરિષ્ઠ નેતા અને ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીના નજીકના સાથી અમિત શાહ તેમજ સમાજવાદી પાર્ટી સરકારમાં પ્રધાન રહેલા આઝમ ખાનની ચૂંટણી રેલી અને રોડ શો પર પ્રતિબંધ મુકી દીધો છે. બંને ઉપર ઉશ્કેરણીજનક ભાષણ આપવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. ચૂંટણી પંચે ઉંડી તપાસ બાદ કહ્યું છે કે, અમિત શાહ અને આઝમ ખાન જાણી જોઈને આ પ્રકારના ઉશ્કેરણીજનક ભાષણ કરી રહ્યા હતા. ત્યારબાદ ચૂંટણી પંચે હવે તેમની રેલી અને રોડ શો ઉપર પ્રતિબંધ મુકી દીધો છે. અત્રે ઉલ્લેખનીય છે કે, અમિત શાહે બિજનોરમાં એક જનસભામાં વોટ મારફતે અપમાનનો બદલો લેવાની વાત કરી હતી. બીજી બાજુ આઝમ ખાને પણ એક રેલીમાં આવું જ વલણ અપનાવીને વોટથી બદલા લેવાની અપીલ કરી હતી. ચૂંટણી પંચે બંને નેતાઓને નોટિસ પણ ફટકારી હતી. ચૂંટણી પંચે બંનેના ભાષણોના ટેપમાં અભ્યાસ કર્યા બાદ કઠોર પગલા લીધા છે. ઉત્તરપ્રદેશ સરકારને

● અનુસંધાન પાન-૭ પર


આપણું પોતાનું અખબાર

ઇલેક્શન કાઉન્ટ-ડાઉન

VOTE 18 દિવસ બાકી

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૯) અંક નં. ૩૧ ૧૨ એપ્રિલ, ૨૦૧૪, શનિવાર; ચૈત્ર સુદ - ૧૨ પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦


## મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી સામે રાણીપ પોલીસ સ્ટેશનમાં ફોજદારી ફરિયાદ દાખલ

ગાંધીનગર, તા.૧૧

વિધાનસભાની ચૂંટણીમાં ઉમેદવારીપત્રમાં વૈવાહિક દરજ્જા અંતર્ગત ખોટી વિગતો રજૂ કરવા બદલ મુખ્યમંત્રી અને પ્રધાનમંત્રી પદના ઉમેદવાર નરેન્દ્ર મોદી સામે રાણીપ પોલીસ સ્ટેશનમાં મોડીસાંજે ફોજદારી ફરિયાદ દાખલ કરાઈ છે. સાથોસાથ મણિનગર વિધાનસભાના રિટર્નીંગ ઓફિસર પી.કે. જાડેજા સામે પણ ફરિયાદ દાખલ કરાઈ છે.

## NEWS બિટ્સ

**● આજે અમેઠીમાં રાહુલ ગાંધી ઉમેદવારી નોંધાવશે**



ભારતના ભાવિ વડાપ્રધાન પદના એક દાવેદાર ગણાતા યુપીએના મહા સચિવ રાહુલ ગાંધી તેમની પરંપરાગત બેઠક પરથી ઉમેદવારી નોંધાવશે. આ બેઠક પરથી ભાજપના સ્મૃતિ ઈરાની અને આપના કુમાર વિશ્વાસ સાથે તેઓનો ત્રિપાંખીયો જંગ ખેલાશે. રાહુલ ગાંધી સાથે તેમના બહેન પ્રિયંકા ગાંધી અને માતા સોનિયા ગાંધી હાજર રહે તેવી શક્યતાઓ છે.

**● કમલનાથની સંપતિ ૧૫૦૦ ગણી વધી**



સંપતિ એકત્ર કરવા માટે પાંચ વર્ષનો સમયગાળો બહુ મોટો નથી પરંતુ નેતાઓની બાબતમાં એવુ નથી. લોકસભાની ચૂંટણીમાં ઝંપલાવનાર નેતાઓની સંપત્તિ પાંચ વર્ષમાં અધધ કહી શકાય તે હદે વધી છે. કોંગ્રેસના નેતા કમલનાથની સંપતિમાં પાંચ વર્ષમાં ૧૪૭૧ ટકા વધી છે. ૨૦૦૯માં તેઓની સંપત્તિ ૧૪ કરોડ હતી જે ૨૦૧૪માં વધીને ૨૦૬ કરોડ સુધી વધી છે.

**● 'ગોલ્ડન મેન' બપ્પી લહેરી કરતા તેમની પત્નિ પાસે વધુ સોનુ**

હંમેશા સોનાના ઘરેણાઓથી ઢંકાયેલા જોવા મળતા બોલીવુડના પ્રખ્યાત



સંગીતકાર બપ્પી લહેરી કરતા તેમની પત્નિ પાસે વધુ સોનાના ઘરેણા છે. તેઓ ઓડી અને બીએમડબલ્યુ સહિતની પાંચ કારો અને ૧૨ કરોડ રૂપિયાની સ્થાવર અને જંગમ સંપત્તિ ધરાવે છે. ભાજપના ઉમેદવાર બપ્પી લહેરી સેરામ્પોર બેઠક પરથી લોકસભા ચૂંટણી લડી રહ્યા છે.

# આજે ઉમેદવારીપત્ર પાછા ખેંચવાનો અંતિમ દિવસ

## વિનોદ જુત્સી ૧૪મીએ રાજકોટ આવશે : ઉમેદવારો અંગે ચિત્ર સ્પષ્ટ થશે

## ૨૧૫ મતદાન મથકોની પળેપળની બધી માહિતી વાયરલેસની મદદથી મેળવાશે

ગાંધીનગર, તા.૧૧

દેશના નાયબ ચૂંટણી કમિશ્નર વિનોદ જુત્સી અને ગુજરાતના મુખ્ય નિર્વિચિન અધિકારી અનિતા કરવલ આગામી તા. ૧૪ના રોજ રાજકોટની મુલાકાતે ાવશે અને જિલ્લા ચૂંટણી અધિકારીઓ સાથે મિટીંગ યોજી ચૂંટણીપૂર્વેની તૈયારીની સમીક્ષા થશે. આ ઉપરાંત કાયદો વ્યવસ્થાની પરિસ્થિતિની ચર્ચા માટે પોલીસ વિભાગના ટોચના અધિકારીઓને પણ બોલાવવામાં આવ્યા છે. તા. ૧૪ના બપોરે ૨:૩૦ વાગ્યે રાજકોટ ખાતે નવી કલેક્ટર કચેરીમાં સૌરાષ્ટ્રભરના જિલ્લા ચૂંટણી અધિકારીઓની બેઠકનું આયોજન કરાયું છે. ગુજરાત રાજ્યના ૨૧૫ મતદાન મથકો એવા છે જે જ્યાં ઈન્ટરનેટ કનેક્ટીવીટી ઉપલબ્ધ નથી એવા તમામ મતદાન મથકોની પળેપળની જાણકારી માટે વાયરલેસની મદદ લેવાનો નિર્ણય ચૂંટણીપંચ દ્વારા કરવામાં આવ્યો છે. મુખ્ય ચૂંટણી અધિકારી અનિતા કરવલે ચૂંટણી દરમ્યાન મતદાનની તૈયારી અંતિમ તબક્કામાં પહોંચી ગયાનું જણાવ્યું છે. તા. ૧૨મીએ નામાંકન પત્ર પાછા ખેંચવાની પ્રક્રિયા બપોરે ૩ વાગ્યા સુધી ચાલશે, ત્યારબાદ ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે. લોકસભાની ગુજરાતની ૨૬ બેઠક માટે આગામી તા. ૩૦ના રોજ યોજાનારી ચૂંટણી માટે ઉમેદવારીપત્રો પાછા ખેંચવાની કાલે અંતિમ તારીખ છે અને ત્યારબાદ શનિવારે બપોર પછી ચૂંટણીનું ચિત્ર સ્પષ્ટ થશે. ચૂંટણી સંચાલન માટે ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ કરવામાં આવશે જેમાં એસએમએસ થકી ચૂંટણી પ્રક્રિયા અંગે અધિકારીઓ પંચને રિપોર્ટ કરશે. આ માટે તાલીમની પ્રક્રિયાઓ પૂર્ણ કરી દેવામાં આવે છે. રાજ્યના ૨૧૫ જેટલા મતદાન મથકો એવા છે કે જેમાં મોબાઈલ નેટવર્ક ઉપલબ્ધ નથી તેવા સંજોગોમાં નેટવર્ક માટે વાયરલેસનો ઉપયોગ કરવામાં આવશે. આ ૨૧૫ જેટલા મતદાન મથકો જૂનાગઢ, નર્મદા, પંચમહાલ, દાહોદ અને બનાસકાંઠી જિલ્લા સહિતના ૧૨ જિલ્લાઓમાં આંતરિયાળ વિસ્તારોમાં આવેલા છે જ્યાં મોબાઈલ નેટવર્ક ઉપલબ્ધ નથી.



હાઈટેક પ્રચાર - દેશના ૧૦૦ સ્થાનો પર એક સાથે અદ્યતન ટેકનોલોજીના સહારે થ્રીડી સભાઓમાં ભાજપના પ્રધાનમંત્રી પદના ઉમેદવાર નરેન્દ્ર મોદીએ યુપીએ સામે આકરા પ્રહારો કર્યા હતા. ભારતીય જનતા પક્ષના ચૂંટણી ઢંઢેરાના અમલ દ્વારા દેશમાં સુશાસન માટેની વચનબદ્ધતા વ્યક્ત કરી હતી.



પૃથ્વી પરના સૌ જીવોને ભગવાન ભૂખ્યા ઉઠાડે છે પણ સુવા દેતો નથી આવી બાળવાર્તાઓ સાંભળી છે. પરંતુ ગાંધીનગરમાં કેમેરામાં કેદ થયેલી આ તસ્વીર એ વાર્તા સાચી સાબિત કરે છે. આમ તો રખડતા પશુઓ પ્લાસ્ટિક ખાતા જોયા છે, પણ અહિ એક ખિસકોલી ચોકલેટનો સ્વાદ ધરાવતુ બિસ્કીટ ખાતુ જોવા મળે છે. સચિવાલયની પાછળ ગાંઠિયા ખાતા કાગડા જોયા છે તો વિધાનસભા સંકુલમાં કબુતરો સિંગદાણા ખાતા જોયા છે હવે ખિસકોલી બિસ્કીટ ખાઈ રહી છે. આ તસ્વીર જોઈ પેલી ફિલ્મી ગીત યાદ આવે છે 'રામચંદ્ર કહ ગયે કૌઆ મોતી ખાયેગા હંસ ચુનેગા દાના' (તસવીર : કશ્યપ નિમાવત)

# દસ ટકા મોંઘવારી ભથ્થુ આપવાની દરખાસ્ત ચૂંટણી પંચને મોકલાવાઈ

ગાંધીનગર, તા.૧૧

રાજયના કર્મચારીઓને દસ ટકા મોંઘવારી ભથ્થુ આપવાની દરખાસ્ત ચૂંટણી પંચની મંજુરી અર્થે રાજય સરકારે મોકલી આપી છે.

નાણા વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ લોકસભા ચૂંટણીઓ જાહેર થઈ તે પહેલા કેન્દ્ર સરકારે તેના કર્ચમારીઓના મોંઘવારી ભથ્થામાં દસ ટકાનો વધારો આપવાનો નિર્ણય જાહેર કર્યો હતો. કેન્દ્રના ધોરણે અમુક લાભો રાજય સરકાર પણ તેના કર્મચારીઓને આપતી હોય છે.

રાજય સરકારે કેન્દ્રના ધોરણે રાજયના કર્મચારીઓને ૧૦ટકા મોંઘવારી ભથ્થુ આપવાનો નિર્ણય કર્યો છે. જો કે હાલમાં રાજયમાં ચૂંટણી આચાર સંહિતા અમલી હોઈ આ નિર્ણયની અમલવારી થઈ શકે તે માટે રાજય સરકાર દ્વારા એક દરખાસ્ત તૈયાર કરીને રાજયના મુખ્ય ચૂંટણી અધિકારીને મોકલી આપવામાં આવી છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ચૂંટણી પંચ આ દરખાસ્તને મંજુરી આપે ત્યાર બાદ રાજય સરકાર દ્વારા આ નિર્ણયની અમલવારી કરનાર હોવાનું જાણવા મળે છે.

સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ આ દરખાસ્તને ચૂંટણી પંચની મંજુરી મળી જાય તો રાજય સરકાર રાજયના કર્મચારીઓને દસ ટકા મોંઘવારી ભથ્થાનો લાભ ૧-૧-૨૦૧૪ની પાછલી અસરથી રોકડમાં આપે તેવી શકયતાઓ સેવાઈ રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે હાલમાં કર્મચારીઓને ૯૦ ટકા મોંઘવારી ભથ્થુ મળે છે. જેમાં ૧૦ ટકાનો વધારો કરવામાં આવે તો ૧૦૦ ટકા મોંઘવારી ભથ્થુ થશે.

# શહેરમાં સહિ ઝુંબેશને નબળો પ્રતિસાદ

ગાંધીનગર, તા.૧૧

ગાંધીનગર શહેર અને જિલ્લામાં મતદાર જાગૃતિ અભિયાન અંતર્ગત આજે યોજાયેલ સહિ ઝુંબેશને નોંધાયેલા મતદારોની સરખામણીમાં નબળો પ્રતિસાદ મળતાં તંત્રમાં નિરાશા વ્યાપી જવા પામી છે.

આજે ગાંધીનગર શહેરમાં ૨૦ જેટલા સ્થાનો પર યોજવામાં આવેલ સહિ ઝુંબેશ અભિયાનમાં સાંજે પાંચ વાગ્યા સુધી માત્ર ૧૭,૫૮૬ મતદારોએ જ સહિ કરી હતી. આ સહિ અભિયાનનો સૌથી નબળો પ્રતિસાદ સરદાર પટેલ ભવન અર્થાત નવાસચિવાલય સંકુલમાં મળ્યો હતો. આ સંકુલ એ રાજયનું સૌથી મોટું વહીવટીય સંકુલ હોવા છતાં ૧૫૦૦થી પણ ઓછા કર્મચારીઓએ સહિ ઝુંબેશમાં સહિ કરી હતી.

જોકે આની સાથે આવેલ જીવરાજ મહેતા ભવનમાં ૩ હજારથી વધુ કર્મચારીઓ આ સહિ ઝુંબેશમાં જોડાયા હતા. સિવીલ હોસ્પિટલમાં





૬૦૦થી વધુના હસ્તાક્ષરો મેળવવામાં કર્મચારીઓની સફળતા મળી હતી.

જિલ્લા કલેકટર કચેરી ખાતે આજે જિલ્લા કલેકટર ડૉ. પી. સ્વરૂપે પોતે સહિ કરી અને ઝુંબેશનો આરંભ કર્યો હતો. આ પછી અધિક નિવાસી કલેકટર ડૉ. એમ.બી. મોડિયા, પ્રાંત અધિકારી સુધીર પટેલ, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી શ્રી ધર્મેશ પટેલ, નાયબ કલેકટરો શ્રી ગુણવતસિંહ સોલંકી, નિશાબેન શર્મા, પુષ્પાબેન નિનામા સહિતના અધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા હતા.

કલેકટર કચેરી ખાતે જ ૬૦૦થી વધુ લોકોએ હસ્તાક્ષર કેન્વાસ પર કર્યા હતા. જિલ્લાની કચેરીઓમાં

● અનુસંધાન પાન-૭ પર

# રાજ્યની ૨૬ બેઠકો માટે ૪૧૩ ઉમેદવારો

## વિધાનસભાની સાત બેઠકો પર ૧૦૪ ઉમેદવારો મેદાનમાં

ગાંધીનગર, તા. ૧૧

લોકસભાની ૨૬ બેઠકો માટે ભરાયેલ ઉમેદવારી પત્રોની ગઈકાલે હાથ ધરાયેલી ચકાસણી દરમ્યાન ૧૩૪ ઉમેદવારીપત્રો રદ થયા હતા.

ચૂંટમી પંચ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ ગુજરાતની ૨૬ લોકસભા બેઠકો માટે કુલ ૫૪૭ ઉમેદવારોએ પોતાના ઉમેદવારી પત્રો ભર્યા હતા. ગઈકાલે હાથ ધરાયેલ ઉમેદવારી પત્રોની ચકાસણી દરમ્યાન ૧૩૪ જેટલા ઉમેદવારોના ઉમેદવારી પત્રો રદ થતાં ૪૧૩ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે.

ઉમેદવારી પત્રોની ચકાસણી પૂર્ણ થયા બાદ હવે ઉમેદવારી પત્રો પાછા ખેંચવાની આખરી તારીખ ૧૨મી એપ્રીલ છે.

રાજયમાં સૌથી વધુ ઉમેદવારીપત્રો જામનગર લોકસભા બેઠક પર ૩૮ ઉમેદવારી પત્રો ભરાયા હતા જે પૈકી ૩ ઉમેદવારી પત્રો રદ થતાં હવે આ બેઠક પર ૩૫ ઉમેદવારો ચૂંટણી મેદાનમાં છે. આ ઉપરાંત સુરેન્દ્રનગર લોકસભા બેઠક પર પણ સૌથી વધ ૩૧ ઉમેદવારો મેદાનમાં છે. જ્યારે બનાસકાંઠા બેઠક પર પણ ૨૫ ઉમેદવારો મેદાનમાં છે.

લોકસભા બેઠકો ઉપરાંત ગુજરાત વિધાનસભાની ખાલી પડેલી સાત બેઠકોની યોજાનારી પેટા ચૂંટણી માટે કુલ ૧૨૯ ઉમેદવારી પત્રો ભરાયા હતા જે પૈકી ૨૫ ઉમેદવારીપત્રો રદ થતાં ૧૦૪ ઉમેદવારો મેદાનમાં છે. સૌથી વધુ સોમનાથ વિધાનસભા બેઠક પર ૩૪ ઉમેદવારો છે.

# પૂર્વ ગૃહમંત્રી જિતુ શાહનું અવસાન

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના પૂર્વ ગૃહમંત્રી અને કોંગ્રેસના અગ્રણી શ્રી જીતુ શાહનું આજે દુઃખદ અવસાન થયં છે. છેલ્લા ત્રણ દિવસથી તેઓ સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં સારવાર હેઠળ હતા.

સ્વ. જિતુ શાહ વિદ્યાર્થી નેતા તરીકે રાજકારણમાં પ્રવેશ્યા હતા. રાજ્ય ગૃહમંત્રી તરીકે તેમણે કાર્યભાર સંભાળ્યો હતો. અમદાવાદના શાહપુર વિધાનસભા મતવિસ્તારમાંથી તેઓ ચૂંટાયા હતા.

સ્વ. જીતુ શાહના અવસાન અંગે આજે કોંગી અગ્રણીઓ શ્રી અહમદ પટેલ, શ્રી અર્જુનભાઈ મોઢવાડિયા, માજી મુખ્યમંત્રીઓશ્રી માધવસિંહ સોલંકી, શ્રી શંકરસિંહ વાઘેલા, પૂર્વ મંત્રીઓશ્રી અરવિંદ સંઘવી, શ્રી હસમુખ પટેલ વિગેરેએ શ્રદ્ધાંજલિ આપતાં જણાવ્યું છે કે તેમના જવાથી કોંગ્રેસે એક સંનિષ્ઠ કાર્યકર ગુમાવ્યો છે. સતત પ્રજાના પ્રશ્નો માટે લડતા સ્વ. શાહ લોકપ્રિય કાર્યકર હતા. તેમણે સંગઠનમાં પણ વિવિધ કાર્યભાર સંભાળ્યા હતા.

## બે ડીએસપી અને એક કલેકટર બદલાયા

ગાંધીનગર, તા. ૧૧

રાજ્યના બે જિલ્લા પોલીસ વડા તથા એક કલેક્ટરની બદલી આજે ચૂંટણીપંચની મંજૂરી સાથે કરવામાં આવી છે. ખેડાના પોલીસવડાને બદલી તેમના સ્થાને સચીન બાદશાહ અને પંચમહાલ પોલીસવડાના સ્થાને રાઘવેન્દ્ર વત્સની નિમણુંક કરવામાં આવી છે. આ ઉપરાંત સોમનાથ કલેક્ટરને પણ તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે.


A Real consumer - Handicraft & Garment Exhibition

# ભારતકલા ઉત્સવ - ૨૦૧૪

સમસ્ત ભારતની ૫૦,૦૦૦ થી વધારે વસ્તુઓનું પ્રદર્શન એક જ જગ્યાએ

લેડીઝને લગતી આઈટમો • ટ્રેડીશનલ કુર્તી • ટ્રેડીશનલ લેગીઝ • વેસ્ટર્નગર્લ્સ ટોપ • હેન્ડમેઈડ ડીઝાઈનર જવેલરી • ફેન્સી ચંપલ • ફેન્સી મોજડી • ફેન્સી લેડીઝ પર્સ • આસન • પગલુંછણીયા....

જેન્ટસને લગતી આઈટમો • ૬૦૦ થી ૧૨૦૦ સુધીના નેરો જીન્સ પેન્ટ ફક્ત રૂા. ૩૫૦/- થી વધુ • ૮૦૦ થી ૧૪૦૦ સુધીના બ્રાન્ડેડ કોટન શર્ટ ફક્ત રૂા. ૩૫૦/-, ૪૫૦/- • ૧૫૦ થી ૨૫૦ સુધીના રેગ્યુલર ગુજના ટી શર્ટ ફક્ત રૂા. ૧૨૦/- • ૨૦૦ થી ૩૦૦ સુધીના કોટન શર્ટ ફક્ત રૂા. ૧૫૦/-

આ સિવાય પ્લાસ્ટીકની ઘરવખરીની તેમજ રસોડાને લગતી દરેક આઈટમો મળશે. ફક્ત રૂા. ૧૦/- રૂા.૨૦/- થી વધુ

હેન્ડીક્રાફ્ટ આઈટમો | બાળકોના રમકડાં | આવી અમુલ્ય તક ચુકશો નહી. ફક્ત થોડા દિવસો માટે | રાજસ્થાની મુખવાસ | એક્યુપ્રેશર ઈક્વીપમેન્ટ

સમય : સવારે ૧૧ થી રાત્રે ૧૦ સુધી

એન્ટ્રી અને પાર્કીંગ ફ્રી

સ્થળ:ઘ-૫, ઓપન થીયેટરની બાજુમાં, સેક્ટર ૧૬, ગાંધીનગર